ગાંધીનગર સમાચાર 

**વડીલોને વંદન**
**અભિનંદન**



નારાયણ વિઠ્ઠલભાઈ મોદી
(૧૯૪૧) ફોન: ૨૩૨૩૧૨૭૦



નંદાબેન અર્જુનભાઈ પરમાર
(૧૯૫૯) ફોન: ૨૩૨૨૨૪૪૦

## ૯ શહેરોમાં ૧૫ ડિગ્રીથી ઓછું તાપમાન
# ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યમાં ઠંડીનું પ્રમાણ યથાવત જ રહ્યું
### સૌથી વધારે ઠંડી વલસાડમાં ૧૨.૬ ડિગ્રી : અમદાવાદમાં ૧૩.૫, નલીયામાં ૧૨.૭ અને ગાંધીનગરમાં ૧૩ ડિગ્રી

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહ્યું હતું. રાજ્યના નવ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી ઓછું નોંધાયું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી વલસાડમાં ૧૨.૬ ડીગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

અમદાવાદમાં શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૭૩ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૩ ટકા નોંધાયું હતું. રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહ્યું છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીને કારણે શહેરમાં બેવડી ઋતુને કારણે શરદી, તાવ અને ઉધરસના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વડોદરામાં ૧૩, રાજકોટમાં ૧૬.૬, સુરતમાં ૧૭, ભુજમાં ૧૮.૧, ભાવનગરમાં ૧૬.૬, નલીયામાં ૧૨.૭, ડીસામાં ૧૪.૩, અમરેલીમાં ૧૩, ગાંધીનગરમાં ૧૩, મહુવામાં ૧૩.૯, દીવમાં ૧૪.૪, સુરેન્દ્રનગરમાં ૧૭ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



દસક્રોઈ ભાજપ સંગઠનના પ્રમુખ કુવરજી ઠાકોર અને તેમના પત્નિ કાંતાબેન ઠાકોરે દસક્રોઈ આરોગ્ય ચેરમેન પદેથી રાજીનામુ આપ્યુ હતુ.

# અમદાવાદમાં ઈમ્પેક્ટ ફી યોજનાને નબળો પ્રતિસાદ
### શહેરભરમાં માત્ર ૧૬૫ બાંધકામો રેગ્યુલરાઈઝ થયા છે ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે યોજનાની મુદત પરિપૂર્ણ

અમદાવાદ, તા. ૨૩

રાજ્ય સરકારની ઈમ્પેક્ટ ફી યોજનાને અમદાવાદ શહેરમાં નબળો પ્રતિસાદ મળ્યો છે. અને આજ સુધીમાં માત્ર ૧૬૫ બાંધકામો રેગ્યુલરાઈઝ થયા છે અને ફક્ત રૂા. ૧.૫૫ કરોડની આવક થઈ છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર સહિત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈમ્પેક્ટ ફી યોજના શરૂ કરવામાં આવી હતી. અગાઉ માત્ર છ મહિના માટે આ યોજના જાહેર કરાઈ હતી. પરંતુ તેને ખૂબ નબળો પ્રતિસાદ મળતા ફરીથી આ યોજનાની મુદત વધુ છ મહિના માટે વધારવામાં આવી છે. અને હવે તેની મુદત આગામી તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ પૂરી થાય છે. અમદાવાદમાં પાંચ લાખ ગેરકાયદેસર બાંધકામો હોવા છતાં ગત તા. ૧૯ નવેમ્બર સુધી ઈમ્પેક્ટ ફી યોજના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનને કુલ ૪૨,૩૩૦ ભરેલા ફોર્મ મળ્યા હતા જેમાંથી ૨૦૦૭૬ ફોર્મ સ્કૃટીની હેઠળ છે અને ૨૨૦૭૯ ફોર્મમાં વાંધાઓ કાઢવામાં આવ્યા છે. ૧૧૦ અરજીકર્તાઓને ફી ભરી દેવા માટે નોટીસ 'સી' આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આજ સુધીમાં માત્ર ૧૬૫ બાંધકામો જ રેગ્યુલરાઈઝ થયા છે. આ ઉપરાંત કુલ માત્ર રૂા.૧.૫૫ કરોડની ફીની આવક થઈ છે અને પાર્કીંગ માટે રૂા. ૬.૦૨ લાખની આવક થઈ હોવાનું જાણવા મળે છે.

# મુંબઈ ટેસ્ટના પ્રથમ દિવસે ચેતેશ્વર પુજારાએ સદી કરી
### પુજારાના ૧૦ ચોગ્ગાની સાથે ૧૧૪ રન : અમદાવાદમાં બેવડી સદી ફટકાર્યા બાદ ફરી સદી : સચિન ફ્લોપ રહ્યો

મુંબઈ,તા. ૨૩

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ચેતેશ્વર પુજારાના અણનમ ૧૧૪ રનની મદદથી ભારતે આજે રમત બંધ રહી ત્યારે છ વિકેટે ૨૬૬ રન બનાવ્યા હતા. પુજારાએ ૧૦ ચોગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા. અમદાવાદ ટેસ્ટ મેચમાં પણ પુજારાએ બેવડી સદી ફટકારી હતી. પુજારાના શાનદાર ફોર્મથી ભારતીય છાવણીમાં ભારે રાહત દેખાઈ રહી છે. જો કે આજે પ્રથમ દિવસે અન્ય તમામ બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. રમત બંધ રહી ત્યારે અશ્વિન ૬૦ રન સાથે રમતમાં હતો. ભારતે છઠ્ઠી વિકેટ ૧૭૦ રને ગુમાવી દીધી હતી. પરંતુ ત્યારબાદ આ મુશ્કેલ વિકેટ પર પુજારા અને અશ્વિને બાજી સંભાલી લીધી હતી. ઈંગ્લેન્ડ તરફથી પાનેસરે ૯૧ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. આ મુશ્કેલ વિકેટ પર પણ પુજારા છવાઈ ગયો હતો.

અગાઉ સવારે વિરેન્દ્ર સહેવાગે ૧૦૦મી ટેસ્ટમેચ રમવાની સિદ્ધી મેળવી લીધી હતી. સહેવાગ ૩૦ રન



બનાવ્યા બાદ આઉટ થયો હતો. જ્યારે ગંભીર માત્ર ચાર રન બનાવીને આઉટ થયો હતો. માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકર પણ આઠ રન બનાવીને પાનેસરની બોલીંગમાં બોલ્ડ આઉટ થયો હતો.

કોહલી, યુવરાજસિંહ, ધોની પણ ફલોપ રહ્યા હતા. ટોપ ઓર્ડરના બેટ્સમેનોમાં એકમાત્ર ચેતેશ્વર પુજારા જ છવાયેલો રહ્યો હતો. પોતાના હોમ ગ્રાઉન્ડ પર સચિન તેન્ડુલકર માત્ર આઠ રન બનાવીને આઉટ થઈ જતા સ્થાનિક ક્રિકેટ ચાહકોમાં હતાશાનું મોજુ ફરી વળ્યુ હતુ. સચિન પાસેથી લાંબી ઈનિંગ્સની અપેક્ષા હતી પરંતુ તે સસ્તામાં પેવેલિયન ભેગો થયો હતો. પ્રથમ ટેસ્ટ મેચમાં અમદાવાદમાં પણ સચિન તેન્ડુલકર ફ્લોપ રહ્યો હતો. આજે ભારતે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

## જગ્ગી વાસુદેવે મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી

અમદાવાદ, તા. ૨૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત આજે ગુજરાત આવેલા દક્ષિણ ભારતના ઈશા ફાઉન્ડેશનના વડા સદ્‌ગુરૂ શ્રી જગ્ગી વાસુદેવે લીધી હતી.

તામીલનાડુમાં કોઈમ્બતુરમાં ઈશા ફાઉન્ડેશનનું વડુમથક અને સેવા પ્રવૃત્તિઓ થાય છે. ૩૫ વર્ષ પછી ગુજરાત આવેલા આ સદ્‌ગુરૂ યોગીએ ગુજરાતની વર્તમાન પ્રગતિની પ્રશંસા કરી હતી. ભારતીય જનતાની કૌશલ્ય ક્ષમતા અને શક્તિઓ વિશ્વમાં અનોખા છે એમ જણાવી સદ્‌ગુરૂ જગ્ગી વાસુદેવે તેમની આ મુલાકાતને કોઈ રાજકીય ઉદ્દેશની નહીં પણ વ્યક્તિગત સૌજન્યની ગણાવી હતી.

## ચૂંટણી પ્રક્રિયા આરંભાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બીજી તરફ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થતાં જ રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાઈ જવા પામ્યો છે. જો કે આ જિલ્લાની એક માત્ર કલોલ બેઠક માટે કોંગ્રેસ પક્ષે તેના ઉમેદવારના નામની ઘોષણા કરી છે હજુ ચાર બેઠકો માટેના ઉમેદવારો નિયત કરાયા નથી.

ભાજપ અને પરિવર્તન પાર્ટી દ્વારા પણ ઉમેદવારોના નામ ઘોષિત કરાયા નથી. બધા જ રાજકીય પક્ષો દ્વારા ૨૭મીએ ઉમેદવારોના નામ જાહેર કરાશે તેમ મનાઈ રહ્યું છે. બધાજ પક્ષના આગેવાનો આ પસંદગી માટે એડીચોટીનું જોર લગાવી લોબિંગ કરી રહ્યા છે.

જિલ્લામાં પાંચ બેઠકો માટે ૧૧૫૦ મતદાન મથકો છે અને આ માટે ૭ હજાર કર્મચારીઓને નિમણુંક પણ આપી દેવામાં આવી છે.

## ૩૧ ઉમેદવારોની યાદી જાહેર કરી
# ૧૦૦ ઉમેદવારને અખિલ ભારત મહાસભા ઉતારશે

અમદાવાદ, તા. ૨૩

અખિલ ભારત હિન્દુ મહાસભાએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ ઉમેદવારો ઊભા રાખવાની આજે જાહેરાત કરી હતી. જેમાં પ્રથમ ૩૧ ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

અખિલ ભારત હિન્દુ મહાસભાના ગુજરાત એકમના પ્રમુખ પવનકુમાર માકને જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારે વિકાસના નામે મંદિરો તોડ્યા છે. ગૌચરની જમીનો વેચી દીધી છે. બેરોજગારોને નોકરીઓ મળતી નથી. અમારી લડાઈ અસ્તિત્વ માટેની છે. આ માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ ઉમેદવારો ઉભા રાખવાનો નિર્ણય કર્યો છે. જેમાં ૩૧ ઉમેદવારોની પ્રથમ યાદી આજે જાહેર કરી છે. મણિનગરમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે પવન પ્રણવકુમાર માકન ઊભા રહેશે. જ્યારે સૌરાષ્ટ્રમાં બોટાદ, ભાવનગર, ધંધુકા, અમરેલી, ગોંડલ, ચોટીલા, ગઢડા, જસદણ, વિસાવદર, કેશોદ સહિત ૩૧ ઉમેદવારો ઊભા રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં પણ હિન્દુ મહાસભાએ ઉમેદવારો ઊભા રાખીને સારો દેખાવ કર્યો હતો.

## વાન પર પથ્થરમારો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પહોંચતા કથિત ભાજપના કાર્યકરો ગણાતા આઠથી દસ શખ્સોએ લાકડીઓ અને પથ્થરથી હુમલો કર્યો હતો. પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં કોંગ્રેસના સાઈકલ પ્રવાસ અભિયાનને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. સાઈકલ વાન બપોરે ૩ વાગ્યે પરિમલ ગાર્ડ પાસે પહોંચતા ૮ થી ૧૦ અજાણ્યા શખ્સો આવ્યા હતા અને ભાજપના રાજમાં કોંગ્રેસનો પ્રચાર કેમ કરો છો ? તેમ કહીને ધમકાવવાની શરૂઆત કરી હતી. આથી સાઈકલ સવારોએ નજીકમાં મત વિસ્તારની ફરજમાં ઉભેલી ચૂંટણી ગાડી નં. જીજે૧૮ જી ૫૨૬૯ પાસે જઈને અધિકારીને ફરિયાદ કરતાં આઠથી દસ શખ્સોએ પથ્થરમારો અને લાકડીઓથી હુમલો કર્યો હતો. આથી સાઈકલસવારોને નાસવું પડ્યું હતું.

## ત્રણ બેઠકો પર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દરમિયાન ઉર્જા મંત્રી તથા રાજ્ય સરકારના પ્રવક્તા અને બોટાદના ધારાસભ્ય સૌરભ પટેલને ટિકીટ આપવામાં આવી નથી તે વિશે પુછાતા રૂપાલાએ જણાવ્યું હતું કે હજુ બીજી યાદી ક્યાં જાહેર થઈ છે બીજી યાદી જાહેર થઈ જાય પછી આ પ્રશ્ન પૂછશે. જ્યારે ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાને પણ ધ્રાંગધ્રામાંથી ટિકીટ આપી નથી તો શું તેમનો પણ બીજી યાદીમાં સમાવેશ કરાશે ? તેવા એક સીધા પ્રશ્નના જવાબમાં રૂપાલાએ ખૂબ જ સૂચક રીતે જણાવ્યું હતું કે, દરેક કેસમાં એક સરખા નિયમ લાગુ પડે તેવું હોતું નથી. જ્યારે ભાજપમાં ગઈકાલે સવારે જોડાયેલા પુનમબેન માડમને આજે ભાજપે કેવી રીતે ટિકીટ આપી દીધી તેનો ખુલાસો કરતા રૂપાલાએ જણાવ્યું હતું કે, જામનગરમાં માડમના રાજવી પરિવારનો ભારે રાજકીય દબદબો છે. અમે આ દબદબાનો રાજકીય લાભ લીધો છે અને કોંગ્રેસના પૂર્વ સાંસદ પરિવારનું રાજકીય વિભાજન કરવામાં અમે સફળ રહ્યા છીએ તેમાં કંઈ ખોટું કર્યું નથી.

## બાલ ઠાકરેની અસ્થિ અરબ સાગરમાં વિસર્જન

મુંબઈ, તા. ૨૩

શિવસેનાના દિવગંત અધ્યક્ષ બાલ ઠાકરેની અસ્થિઓનું આજે વિસર્જન કરવામાં આવ્યું હતું. તેમના પુત્ર અને પક્ષના કાર્યકારી અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે એ અસ્થિઓ અરબ સાગરમાં પધરાવી હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ અને બાલ ઠાકરેના ભત્રીજા રાજ ઠાકરે આ પ્રસંગે ગેટ વે ઓફ ઈન્ડિયા પર હાજર રહ્યા હતા. જ્યાં સમગ્ર પરિવાર એકત્ર થયો હતો. નોંધનીય છે કે બાલ ઠાકરેનું ૧૮મી નવેમ્બરે લાંબી માંદગી પછી નિધન થયું હતું.

## રાજકીય ધમધમાટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માણસા બેઠક માટે કલોલના વર્તમાન ધારાસભ્ય સુરેશભાઈ પટેલ અને માણસાના ધારાસભ્ય શ્રી બાબુજી ઠાકોર, ઈશ્વરસિંહ ચાવડા અને હરિભાઈ ચૌધરી વચ્ચે પસંદગી કોની કરવી તેની ભારે દ્વિધા નેતાગીરી અનુભવી રહ્યું છે.

બીજી તરફ ભાજપ દહેગામમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી જયસિંહ ચૌહાણને મેદાનમાં ઉતારે તેવા સ્પષ્ટ સંકેત છે. તો ગાંધીનગર (દ) માટે શ્રી શંભુજી ઠાકોરની પસંદગી નિશ્ચિત મનાય છે.

ગાંધીનગર (ઉ), માણસા અને કલોલ બેઠક માટે ભાજપમાં ભારે ખેંચતાણ ચાલી રહી છે.

ગાંધીનગર (ઉ)માટે શ્રી મનુભાઈ પટેલ, શ્રી પ્રકાશ પટેલ અને શ્રી અશોક પટેલના નામો ચર્ચામાં છે. કદાચ પ્રદેશ નેતાગીરી છેલ્લી ઘડીએ આ બેઠક માટે નવુ નામ જાહેર કરે તેવી શક્યતાઓ પણ છે.

માણસા બેઠક માટે જિલ્લા એકમના પ્રમુખ શકુંતલાબેન પટેલ, જયેશ પટેલ અને ડી.ડી. પટેલમાંથી કોની પસંદગી કરવી તે અંગે હજુ અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. આ બેઠક પર ભાજપ દ્વારા કોઈ ક્ષત્રિય ઉમેદવારની પસંદગી કરવા માટેની કવાયત પણ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાં ભાજપે રાજ્યસભાના સાંસદ નટુજી ઠાકોર, વિપક્ષના પૂર્વનેતા બળદેવજી ઠાકોર, નગરપતિ પ્રહલાદભાઈ પટેલ અને વકીલ જયંતિભાઈ પટેલમાંથી કોઈ એકની પસંદગી માટેનું મન બનાવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

બીજી તરફ સમાજવાદી પાર્ટી બસપા અને જેડીયુ પણ જિલ્લામાં છુટી છવાઈ બેઠકો પર ઝુકાવશે. સમાજવાદી પાર્ટીએ ગાંધીનગર (ઉ)માટે ઉમેદવારના નામની જાહેરાત કરી દીધી છે. બસપા અને જિલ્લાની ત્રણેક બેઠકો પર ઝુકાવશે તેમ મનાઈ રહ્યું છે.

આ ઉપરાંત રાજ્યમાં નવી રચાયેલ પરિવર્તન પાર્ટીએ પણ ગાંધીનગર (ઉ) માટે એમ.આર. પટેલ, ગાંધીનગર (દ) માટે અજીતસિંહ ગોહિલ, દહેગામમાં મુન્નાભાઈ અમીનની પસંદગીને આખરી ઓપ આપી દીધાની વાતો જોરશોરથી ચર્ચાઈ રહી છે.

જિલ્લાની પાંચેય બેઠકો પર અપક્ષો પણ મોટી સંખ્યામાં ઝુકાવશે તેવુ હાલ રાજકીય નિરીક્ષકોનું માનવું છે. આમ જિલ્લાની પાંચેય બેઠકો પર બહુકોણીય જંગ ખેલાશે તેવા નિર્દેશો રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

## કંપની સમાચાર
### નવી ટાટા સ્ટોર્મ એસયુવી લોન્ચ કરાઈ


ટાટા મોટર્સે આજે નવી ટાટા સફારી સ્ટોર્મ લોન્ચ કરી હતી જે વૈભવ અને આરામદાયકતાનું અનોખું સંયોજન ધરાવે છે. આ ઉપરાંત તે તાકાત અને કાર્યક્ષમતામાં પણ બેજોડ છે જે એક એસયુવીની વાસ્તવિકત ઓળખ મનાય છે.

આ પ્રસંગે બોલતાં ટાટા મોર્સના મેનેજિંગ ડિરેકટર કાર્લ સ્લીમે જણાવ્યું કે ટાટા સફારી સ્ટોર્મ લોન્ચ કરીને અમે ફરી એકવાર ગ્રાહકને કેન્દ્રમાં રાખવાની અમારી પ્રતિબધ્ધતાને દર્શાવી છે. ભારતમાં એસયુવી લોન્ચ કરનારા અમે પ્રથમ હતા. હવે અમે અમારા અનુભવ અને વિશિષ્ટતા અને વૈભવ બંનેનું સંયોજન ઈચ્છતા ગ્રાહકોની સમજને ધ્યાનમાં રાખીને આજનાં કારચાલકોને અનુરૂપ એસયુવી તૈયાર કરી છે.

આ પ્રસંગે ટાટા મોટર્સના પેસેન્જર કાર બિઝનેશ યુનિટના પ્રેસિડેન્ટ રંજિત યાદવે જણાવ્યું કે ટાટા સફારી સ્ટોર્મ તમામ વયજૂથના લોકોની માનીતી કાર બની જશે. આજના ગ્રાહકો સ્ટાઈલની સાથે સાથે જ કાર્યક્ષમતા પર તથા ટેકનોલોજી પર પણ વિશેષ ધ્યાન આપે છે.

ટાટા મોટર્સના પેસેન્જર કરા બિઝનેસ યુનિટના વાઈસ પ્રેસિડેન્ટ નીરજ ગર્ગે જણાવ્યું કે ટાટા સફારી સ્ટોર્મ એ કોઈ પણ સ્થળે હંકારી શકાય તેવી કાર છે. અમે તેની ક્ષમતા અને રચના એવી રીતે કરી છે કે જેથી ગ્રાહકો સફારીમાં બેસવાનું ગર્વ લઈ શકે. નવી ટાટા સફારી સ્ટોર્મ માત્ર ૧૫ સેકન્ડમાં ૦-૧૦૦ કિ.મી. પ્રતિ કલાકનું પર્ફોર્મન્સ પૂરૂં પાડે છે.

## શબ્દાવલી - ૪૯૦૪



| આડી ચાવી | | ઊભી ચાવી | |
|---|---|---|---|
| ૧. મુખ, ચહેરો | (૩) | ૧. મેહ, બારીસ | (૪) |
| ૩. જાદુ, મેજિક | (૪) | ૨. દાટવું તે | (૩) |
| ૭. રદ્દી | (૨) | ૪. રાધાજી | (૩) |
| ૯. ધૃણા | (૩) | ૫. ધોખાબાજ, નમકહરામ | (૩) |
| ૧૦. સોળે... વીસે ભાન | (૨) | ૬. પડ, મલાઈ | (૨) |
| ૧૧. બુચકારવું તે | (૪) | ૮. પિતાજી | (૩) |
| ૧૩. રાજી હોવું તે | (૩) | ૧૨. ફટાફટ, ત્વરીત | (૪) |
| ૧૫. શરીર તપવું તે, બુખાર | (૨) | ૧૩. ફરિયાદ | (૨) |
| ૧૬. ચમકતું હોય તેવું, ... વાળુ | (૪) | ૧૪. રસ્તો, કેડી | (૨) |
| ૧૮. નાના તેલીબીયાં | (૨) | ૧૫. મેલજોલ જેવો એક શબ્દ | (૪) |
| ૧૯. સવા નવને પાંચ એટલે... | (૨) | ૧૭. મંત્રી, કાર્યભાર સંભાળનાર | (૪) |
| ૨૦. બધા ગામ, ગામડે-ગામડે | (૪) | ૧૮. કતેડુ, બકડીયું | (૩) |
| ૨૧. ભાનમાં હોવું તે | (૩) | ૧૯. 'મલમ' શબ્દ આડોઅવળો | (૩) |
| ૨૨. કાયદો, નિયમ | (૨) | (૨૧) મિત્ર, દોસ્ત | |
| ૨૩. ચીઠાવાળી-પડ વાળી બિસ્કીટ | (૨) | | |

### શબ્દાવલી ૪૯૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાટનગર (૬) સજાવટ (૮) કરમ (૯) પદ (૧૦) અવગણના (૧૩) વરૂણ (૧૪) હનીમૂન (૧૮) ગજરા (૧૯) તિરૂપતિ (૨૨) જરીક (૨૩) નિગમ

**ઊભી ચાવી :-** (૧) હંસ (૨) પાટ (૩) નકદ (૪) ગર (૫) રમત (૭) વળગણ (૯) પનાહ (૧૦) અવગતિ (૧૧) વરૂ (૧૨) રમૂજ (૧૫) નીગરાની (૧૬) નરાધમ (૧૭) પ્રતિક (૨૦) રૂજ (૨૧) પરી

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન